# સાહિત્ય મોજ હોવું જોઈએ અને રોજે રોજ હોવું જોઈએ!

જીએલએફ શું છે, શા માટે અને કોના માટે?

ભાષા અને તેના થકી સર્જાતું સાહિત્ય એ માણસને જીવ-જગતમાં અન્યોથી અલગ તારવે છે. ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ (જીએલએફ) માને છે કે, ભાષા અને સાહિત્ય શું છે અને કેવા હોવા જોઈએ તેની પર કોઈનો કંટ્રોલ ન હોઈ શકે. એક સર્જકને પોતાની કૃતિને સાહિત્ય ગણાવવી હોય તો તેને વાચક સિવાય કોઈના સર્ટિફિકેટની જરૂર ન હોવી જોઈએ. આ વિષય પર આપણી સોસાયટીમાં ખૂબ જ ચર્ચા, વિચારણા અને ડિબેટ કરવાનો સ્કોપ છે, પણ સાહિત્ય શબ્દના ખૌફથી ઘણા પ્રતિભાશાળીઓ પોતાની ક્રિએટીવિટીને બહાર લાવી શકતા નથી.

જીએલએફ એમ માને છે કે, ભાષા એ હોય જે લોકોને બોલવી અને લખવી ગમતી હોય. સાહિત્ય એ હોય જે લોકોને વાંચવું, સાંભળવું કે જોવું ગમતું હોય. સાહિત્ય બોજ નહીં, મોજ હોવું જોઈએ અને રોજે રોજ હોવું જોઈએ. આ ફેસ્ટિવલનો હેતુ યંગ ગુજરાતવાસીઓમાં નવા વાંચન, નવા લેખનનો શોખ વિકસાવવાનો અને એ માટે જરૂરી તેવો તમામ સપોર્ટ આપવાનો છે. આ વિચારોના પરિણામે લિટરેચરને ફન, કૂલ અને હેપ રીતે રજૂ કરવાનો આ પ્રયાસ છે. જીએલએફ દરમિયાન જુની પેઢીના અને વર્તમાન સાહિત્યકારોને માત્ર સન્માનિત કરી કે ભાષણ માટે સ્ટેજ આપવાને બદલે, તેમની સાથે કન્વર્સેશન કરી, તેમની શ્રેષ્ઠ બાજુઓ નવી પેઢી સમક્ષ ઉજાગર કરવામાં આવે છે. આ સાથે સાથે નવી પેઢીના લેખકોની સમાજ સાથે નવી રીતે ઓળખાણ કરાવવામાં આવે છે. એટલા માટે ઘણા બધા વક્તાઓને સતત રીપીટ કરવાને બદલે નવોદિત લેખકોને મંચ આપવામાં આવે છે, જ્યાં તેઓ પોતાની વાત કહી શકે અને શ્રોતાઓની વાત સાંભળી શકે.

જીએલએફમાં કાર્યક્રમો કેવા હોવા જોઈએ? કેવા ન હોવા જોઈએ? તથા કયા સર્જકોને સ્થાન હોવું જોઈએ કે નહીં, આવા નિર્ણયો તમારા ફીડબેક અને સજેશન્સને ધ્યાનમાં રાખીને કરાય છે. જીએલએફ ઇન્ક્લુસિવ છે. અહીં વાચકોને તેમને ગમતાં ગુજરાતી લેખકો સાથે મેળવવા ઉપરાંત અન્ય ભાષા અને પ્રદેશોનાં સર્જકો સાથે મુલાકાત કરવાની, તેમનાં સાહિત્ય વિચારો, વિષયો અને લોકપ્રિયતાથી વાકેફ કરવાનો પણ સભાન પ્રયાસ કરવામાં આવે છે.

આ ફેસ્ટિવલ વડિલો સાથે બેસીને આવતીકાલના ગુજરાતી લેખકો માટે, વાડાબંધીથી પર, એક મુક્ત પ્લેટફોર્મ તૈયાર કરવા માટે છે. જ્યાં ગુજરાતી સાહિત્યના ભવ્ય ભૂતકાળને વાગોળ્યા કરવાને બદલે ભવિષ્યમાં પણ એ ભવ્યતાને વધુ ઉંચાઈએ લઈ જવાની છે. ગુજરાતી સાહિત્યની ભવ્યતાનું ભાન આખી દુનિયાને કરાવવાનું છે, નહીં કે તેને ભાષા અને રાજ્યના સીમાડાંઓની અંદર સીમિત રાખવાનું. જીએલએફ છે, ભવિષ્યનાં સાહિત્ય અને સાહિત્યકારો માટે...